# અરવલ્લી વહીવટી તંત્રએ રાજસ્થાનને જોડતી તમામ સરહદો બંધ કરાઈ

બીજા તબક્કામાં રાજ્યમાં કોરોના વાયરસ ઝડપથી પ્રસરી રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૨૯ જેટલા પોઝિટિવ નોંધાયા છે. રાજ્યમાં કોરોના વાયરસને કારણે સુરતના એક વ્યક્તિનું મોત નીપજ્યું છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા પણ આ રોગ સામે જરૂરી અટકાયતી પગલા ભરવામાં આવી રહયા હોવાના દાવા કરાઈ રહયા છે. અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રએ રાજ્ય સરકારની સૂચનાના આધારે રાજસ્થાન રાજ્યને જોડાતી તમામ સરહદ અને આંતરજિલ્લા સરહદ પરથી પ્રવેશતા તમામ પબ્લિક ટ્રાન્સપોર્ટ સાથે જોડાયેલ સરકારી અને ખાનગી વાહનો પર પાબંધી લગાવી દઈ સરહદ શીલ કરી દેવામાં આવી છે.

અરવલ્લી જીલ્લા કલેક્ટર અમૃતેષ ઔરંગાબાદકરના માર્ગદર્શન હેઠળ વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગે કોરોના મહામારીને રોકવા માટે કમર કસી છે રાજસ્થાન રાજ્યમાંથી પ્રવેશતા તમામ સરકારી અને ખાનગી પબ્લિક ટ્રાન્સપોર્ટ સાથે જોડાયેલા વાહનો પર પાબંધી લાદી દીધી છે ફક્ત જીવનજરૂરિયાત ચીજ વસ્તુઓ અને ખાનગી વાહનો માટે આંતરરાજ્ય સરહદો ખુલી રહેશે.

ગુજરાતના સરહદી વિસ્તાર માં બહાર ન રાજ્યોમાંથી આવતા લોકોને રોકવામાં આવે છે તેમનું મશીન વડે સ્કીનીંગ કરવામાં આવે છે અને જરૂર જણાય તો તેવા મુસાફરોને તબીબી સારવાર પુરી પાડવામાં આવે છે ત્યારે અરવલ્લી જિલ્લાના શામળાજી પાસે રતનપુર સરહદે રાજસ્થાન તરફથી આવતા વાહનોને પોલીસ આરટીઓ અને આરોગ્ય વિભાગના કર્મચારિયો દ્વારા રોકી અને તેમનું સ્કીનીંગ કરવામાં આવે છે તેમની યોગ્ય પૂછપરછ બાદ જો શરદી તાવ અને ઉદરસ જેવા લક્ષણો જણાય તો તેમને આઈશોલેટેડ કરવામાં આવે છે. આમ કોરોનાના કહેરને આટલો સમય વીત્યા બાદ મોડે મોડે અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર જાગ્યું છે અને આંતરરાજ્ય સરહદો પાર કોરોના મહામારીને પહોંચી વળવા તકેદારીના પગલા લેવામાં આવી રહ્યા છે.





# અરવલ્લી જિલ્લાની સરહદો પર સ્ક્રીનિંગના નામે આરોગ્ય વિભાગના તાયફા, અપૂરતી સુવિધા

## રાજસ્થાનમાંથી ગમે તે ઘડીએ કોરોના ત્રાટકશે

વિશ્વભરમાં કોરોના વાયરસના કહેર વચ્ચે અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર અને આરોગ્યતંત્ર હરકતમાં આવ્યુ છે અને આરોગ્યતંત્ર દ્વારા જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી પ્રવેશતા મુસાફરોનું સ્ક્રીનિંગ અને તપાસ ચેકિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે પરંતુ આરોગ્ય વિભાગની સ્ક્રીનિંગની કામગીરી કરતા કર્મચારીઓ પાસે સ્ક્રીનિંગ કરવાની પૂરતી યોગ્ય સુવિધા ન હોવાથી આરોગ્ય વિભાગ ફક્ત ખાનાપૂર્તિ કામગીરી કરી રહી હોય તેવા દ્રશ્ય શામળાજી નજીક રાજસ્થાન રાજ્યને અડીને આવેલ રતનપુર ચેકપોસ્ટ પર જોવા મળતા જીલ્લા આરોગ્ય તંત્રના ઓફિસ માં બેઠા બેઠા સબ સલામતના દાવાઓ અને નિષ્ફળ કામગીરીથી જીલ્લાના પ્રજાજનોમાં ભારે રોષ ફેલાયો છે.



સ્ક્રીનિંગની કામગીરીના બદલે લાલિયાવાડી જોવા મળી હતી. રાજ્યમાં પ્રવેશતા મુસાફરો માટે ટેમ્પરેચર માપવા માટે સ્ક્રિનિંગ મશીન જ કર્મચારીઓ પાસે જોવા મળ્યા ન હતા અને સ્ક્રિનીંગના નામે જે કામગીરી પોલીસ કરતું હતું તે જ કામગીરી આરોગ્ય કર્મચારીઓ કરી રહ્યા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. આરોગ્ય વિભાગના કર્મચારીઓ રાજસ્થાન તરફથી આવતા વાહનો ચાલકોને તેમનું નામ તેમજ પત્રિકા આપીને તેમને જવા દે છે. ત્યારે સવાલ એ થાય છે કે આ રીતે કામગીરી કરવામાં આવશે તો પૂરું આનો શંકાસ્પદ કેસ છે કે નહીં તે કેવી રીતે ખબર પડી શકશે..? તે જોવું રહ્યું.



અરવલ્લી જીલ્લા આરોગ્યતંત્રના ઓફિસમાં બેઠા બેઠા સબ સલામતના દાવાઓ અને નિષ્ફળ કામગીરીથી જીલ્લાના પ્રજાજનોમાં ભારે રોષ ફેલાયો છે. રાજસ્થાનને અડીને આવેલી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી ગમે તે ઘડીએ કોરોના વાઈરસ જીલ્લાના પ્રજાજનોને ભરડામાં લે તેવી દહેશત હોવા છતાં આરોગ્યતંત્ર દ્વારા સરહદ પરથી જીલ્લામાં પ્રવેશતા મુસાફરોમાં સ્ક્રીનિંગ અને સર્વેની થઇ રહેલી કામગીરી સામે અનેક પ્રશ્નો પેદા થયા છે.

કોરોના વાઈરસનો કહેર ભારત સહિત ગુજરાતભરમાં હાહાકાર મચાવી રહ્યો છે. અરવલ્લી જીલ્લાને અડીને આવેલા રાજસ્થાન રાજ્યની આંતરાજ્ય સરહદો પર આરોગ્ય વિભાગની અલગ-અલગ ટીમો બનાવી મુસાફરોનું સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું હોવાના મસમોટા દાવાઓ થઈ રહ્યા છે, ત્યારે શામળાજી નજીક આવેલ આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ નજીક આરોગ્ય વિભાગની

# પ્રાંતિજમાં ઠેરઠેર ગંદકીના ઢગ કોરોનાને આવકારે છે

પ્રાંતિજ, તા. ૨૩

હાલ દેશ સહિતના દેશોમાં નોવેલ કોરોનો વાયરસથી લોકોમાં ભયની સાથે ડર છે ત્યારે આપતાં હોય તેવું જણાઈ આવે છે.

પ્રાંતિજ નગરપાલિકા કોરોના અને મહામારી હોવા છતાં હાથ જોડીને હાલ તો બેસી રહી નગરપાલિકા દ્વારા કોરોના જેવા રોગોને આવકારતું હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. કોરોના રોગને લઈને કોઈ નાગરિકો કે નગરજનો દ્વારા પ્રાંતિજ પાલિકામાં મૌખિક તથા લેખિતમાં જાણ કરવા છતાં કોઇ પણ જાતની કાર્યવાહી હાથ તેવું જણાઈ આવે છે ત્યારે હાલ તો નગરજનોમાં કોરોના અને બીજી બાજુ ગંદકીને લઈને મહામારીનો ભય છતાવે છે.





સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા ગોર નિદ્રામાં હોય તેવું જણાઈ આવે છે અને પાલિકા વિવિધ વિસ્તારોમાં ઠેરઠેર થયેલ ગંદકીના ઢગ જોવા મલ્યા તે કોરોના જેવા રોગને આમંત્રણ હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. પ્રાંતિજ સીનીમા રોડ, ગોપીનાથ કોમ્પલેક્સ, હાઈવે ત્રણ રસ્તા અંનત વિલાસ સહિતના વિસ્તારોમાં ગંદકીના ઢગો જોવા મળી રહ્યો છે. પ્રાંતિજ નગરજનો માટે અવેનસ આવે તેવું કાર્ય પણ ધરવામાં આવ્યું નથી. કોઈ પણ જાતનો કોઈપણ એરીયામાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો નથી તો કોરોનાના રોગને લઈને જાગૃત ધરવામાં આવી નથી. ગંદકી ને લઈને તો ઢગ પાસેથી અવરજવર કરતા નગરજનો તથા લોકોને દુર્ગંધને લઈને નાકના ટેરવા પણ ફુલી જાય છે. તો પણ પ્રાંતિજ પાલિકા દ્વારા ગૌર નિંદ્રામાં હોય ત્યારે પાલિકા દ્વારા કુંભકર્ણ નિંદ્રામાથી જાગશે ખરા ત્યારે હાલ તો નગરજનો એક બાજુ કોરોના અને ગંદકીના ઢગને લઈને ભયના માહોલમાં હોય તેવું જણાઈ આવે છે.

# કોરોનાના પગલે સાબરકાંઠામાં જનજીવન અસ્તવ્યસ્ત, રોડ પર પાંખી હાજરી

## હિંમતનગર પાલિકા દ્વારા દવાનો છંટકાવ કરાયો

## સરકારી કચેરીઓમાં કર્મચારીઓ ઓછા

હિંમતનગર, તા. ૨૩

કોરોના વાયરસના પગલે ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં બે દિવસથી લોકોમાં ભય સાથે સન્નાટો છવાઈ ગયો છે. ત્યારે રવિવારના જનતા કરફ્યુ બાદ સોમવારે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. નેશનલ હાઈવે પર વાહનોની અવરજવર નહીવત બની ગઈ છે. ત્યારે હિંમતનગરમાં ખાનગી હોસ્પિટલો, મેડીકલ સ્ટોર તથા જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓની દુકાનો સિવાય બજારો બંધ રહ્યા છે. દરમ્યાન સોમવારે હિંમતનગર નગરપાલિકા દ્વારા અગમચેતીના પગલારૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં દવાનો છંટકાવ કરાયો હતો.

કોરોના વાયરસના ભયને લીધે સોમવારે પણ હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના પંથકમાં રહેતા લોકો ભયને લીધે બહાર નીકળવાનું ટાળીને ઘરોમાં પુરાઈ રહ્યા હતા. જેને લઈને અનેક ઠેકાણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયુ હતુ. હાઈવે પરના હોટલો અને ઢાબાઓ પણ બંધ થઈ ગયા છે. હિંમતનગર સહિત તલોદ અને અન્ય સ્થળે આવેલા માર્કેટયાર્ડ બંધ છે જેને લઈને ખેડૂતો પોતનો માલ ઘરે રાખીને આ માર્કેટયાર્ડ ક્યારે શરૂ થશે તેની રાહ જોઈને બેઠા છે.

પાલિકાના ચીફ ઓફીસર અલ્પેશ પટેલના જણાવાયા મુજબ સોમવારથી હિંમતનગરના જાહેર સ્થળોએ સેનેટાઈઝ કરવા માટે ફોગીંગ મશીનથી દવાનો છંટકાવ કરાઈ રહ્યો છે. આમ પ્રજાને જાહેરનામા દરમ્યાન જીવનજરૂરી ચીજવસ્તુઓ મેળવવા માટે કોઈ તસલીફ ન પડે તે માટે શાકમાર્કેટ અને દૂધ પાર્લરો ચાલુ રખાયા છે. કરીયાણની દુકાનો પણ ચાલુ છે જેથી આમ પ્રજાએ ખોટી અફવાઓથી દૂર રહીને જીવન જરૂરીયાત ચીજવસ્તુઓને સંગ્રહાખોરી ન કરવી જોઈએ.

# મુંબઈ-સુરતમાં ધંધો રોજગાર કરતા લોકો વડગામ વતને આવતા આરોગ્ય તંત્ર દ્વારા સ્કીનીંગ કરાયું

વડગામ, તા. ૨૩

વડગામ પંથકમાંથી કેટલાક લોકો પરીવારો સાથે મુંબઈ, સુરત, શહેરમાં ધંધો રોજગાર માટે રહે છે. જેમાંથી આજે કેટલાક લોકો વડગામ વતને પરત આવતા કોરોના વાયરસની મહા બિમારીના પગલે વડગામ શહેરમા ચહલપહલ મચી ગઈ હતી અને આરોગ્યતંત્ર દ્વારા પણ આ બહારથી વતનમાં આવેલા લોકોનું સ્કીનીંગ કરીને તપાસ કરવા દોડધામ મચી હતી.

કોરોના મહાબિમારીના પગલે મુંબઈ, સુરત ધંધા રોજગાર માટે વસવાટ કરતા લોકો માદરે વતન આવતા આ અંગેની જાણ વડગામ પંચાયતને તેમજ આરોગ્યતંત્રને થતાં જ સરપંચ ભગવાનસિહ સોલંકી સાથે વડગામ સી.એસ.સી.ની આરોગ્યની ટીમ લોકોની તપાસ



માટે પહોંચી હતી. જેમા મુંબઈ, સુરતથી વડગામ વતને આવેલા ૩૮ જેટલા લોકોની ઘરે જઈને તપાસ કરી હતી. જેમાથી એક વ્યકિતને ટી.બી.ની બિમારી તેમજ એક એચ.આઈ.વી. ગ્રસ્ત પહેલાથી જ હોવાનું જાણવા મળ્યું હોવાનું વડગામ સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક અનિલ ડાભીએ જણાવ્યું હતું. જયારે અન્ય વ્યક્તિઓને કોઈજ પ્રકારની તકલીફ ન હોવાનું જણાવ્યું હતું.

## ભાંખર ખાતે યોજાનાર આગિયાધીર વૈતાલનો લોકમેળો રદ

ઊંઝા નજીકના ભાંખર ગામે ઐતિહાસિક શ્રી અગિયાધીર વૈતાલ અને શ્રી હરસિદ્ધ માતાજીના મંદિરે દર વર્ષે ચૈત્ર સુદ સાતમના દિવસે પરંપરાગત રીતે લોકમેળો યોજાય છે. પરંતુ આ વર્ષે કોરોના વાઈરસને પગલે સરકારે બહાર પાડેલ સૂચનાઓને અનુલક્ષીને આગામી તા. ૩૧-૩-૨૦૨૦ મંગળવારના રોજ યોજાનાર લોકમેળો મુલત્વી રાખેલ છે. જેની સર્વે ભાવિકજનોએ ખાસ નોંધ લેવા મંદિરના ટ્રસ્ટીઓએ જણાવ્યું છે.

# પાણપુરમાં જાહેરનામાનો ભંગ કરી ક્વોરી ચાલુ રાખતા સાત સામે ફરીયાદ

## હિંમતનગર ગ્રામ્ય પોલીસે ચાર શખ્સોની અટકાયત કરી

હિંમતનગર, તા. ૨૩

કોરોના વાયરસના પગલે સાબરકાંઠા જિલ્લામાં રવિવારે પ્રજાએ જનતા કરફ્યુને જોરદાર સમર્થન આપ્યુ છે. ત્યારે હિંમતનગર પોસના પાણપુર ગામની સીમમાં સાત જણાએ પોતાની ક્વોરી ચાલુ રાખવા માટે ચાર વાહનો અને જે.સી.બી.નો ઉપયોગ કરી નિયમનો ભંગ કરવા બદલ ગ્રામ્ય પોલીસે સાત જણા વિરૂદ્ધ ગુનો દાખલ કરી તે પૈકી ચાર જણાની અટકાયત કરી લીધી હતી.

આ અંગે ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.બી. કોટવાલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ રવિવાર તા. ૨૨ માર્ચના રોજ સમગ્ર સાબરકાંઠા જિલ્લાની પ્રજાએ વડાપ્રધાનની અપીલને માન આપીને જનતા કરફ્યુને સમર્થન કર્યુ હતુ. તેમ છતાં હિંમતનગર નજીક આવેલ પાણપુર ગામની સીમમાં ચાલતી ક્વોરીના માલિક તોફીકભાઈ અબ્દુલરહેમાન ખરોડીયા, સરફાઝભાઈ કરીમભાઈ અથાણીયા, રમેશભાઈ ગૌતમભાઈ ગરાસીયા, નારણભાઈ કાનજી ખરાડી, રાકેશભાઈ રમેશભાઈ ચેનવા, ભરતભાઈ ગીરીશભાઈ ચેનવા અને રજ્જાકભાઈ ગુલામનબી મેમણે કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરીને રવિવારે તેમની ક્વોરીમાં માઈનીંગનું કામ ચાલુ રાખીને કલમ ૧૪૪નો સરેઆમ ભંગ કર્યો હતો તથા ચાર ટ્રક અને જે.સી.બી. સહિત રૂ. ૩૨ લાખના વાહનો ઉપયોગમાં લીધા હતા. જો કે આ અંગે ગ્રામ્ય પોલીસને જાણ થતા પોલીસે ટીમ સાથે પાણપુરની સીમમાં આવેલ ક્વોરી ખાતે પહોંચી જઈ ચાર જણાની અટકાત કરી હતી. જોકે ત્રણ જણા ભાગી ગયા હતા. જેથી ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.એ સાત જણા વિરૂદ્ધ ગુનો નોંધી ચાર જણાની અટકાયત કરી હતી.

# માતા અને ત્રણ વર્ષના બાળકનો ખેતરમાં પાક બચાવવા અપાયેલ કરન્ટે ભોગ લીધો

## ધનસુરાના હીરાપુર કંપા અને નારાણપુર ગામ વચ્ચે જૂથ અથડામણ

ધનસુરા, તા. ૨૩

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ખેડૂતો રોઝ, જંગલી ભૂંડ અને નીલગાયના ત્રાસથી બચવા ગામની મહિલાને વીજકરંટ લગતા પુત્ર-માતાનું કમકમાટી ભર્યું મોત નિપજતા વાતાવરણમાં તંગદિલી ફેલાવાની સાથે સામાન્ય તારનો કરન્ટ લાગતા નારણપુરા ગામની હિરલબેન અને તેના ત્રણ વર્ષનો પુત્ર કાળનો કોળિયો બની ગયો હતો. વીજકરંટની ઘટનાને ધનસુરાના નારણપુરાનો પરિવાર બનતા નાનકડાં પરિવારનો માળો વિખેરાઈ ગયો હતો.

હીરાપુર કંપાના ખેડૂતના જૂથ અથડામણના પગલે ધનસુરા પોલીસ સ્ટેશનના મહિલા પી.આઈ રાઠોડે ઘટનાની ગંભીરતા સમજી જિલ્લા કંટ્રોલને





અસરગ્રસ્ત ખેડૂતો ગેરકાયદેસર રીતે ખેતરની ચારે બાજુ તારની વાડ બનાવી તેમાં કરંટ ઉતારતા હોય છે જેના પગલે બંને જીલ્લામાં અનેક નિર્દોષ લોકોનો વીજકરંટથી ભોગ લેવાયો હોવાની ઘટનાઓ બની છે. ધનસુરા તાલુકાના હીરાપુર કંપાના ખેડૂતે પાક બચાવવા ખેતરની આજુબાજુ તારની જાળી બનાવી વીજકરંટ આપતા નજીકમાંથી ત્રણ વર્ષના બાળક સાથે પસાર થતી નારણપુરા બોલાચાલી બાદ રોષે ભરાયેલ નારણપુરા ગામના ગ્રામજનોએ હલ્લાબોલ કરતા બંને ગામના લોકો વચ્ચે જૂથ અથડામણ અને પથ્થરમારો થતા ૧૫ થી વધુ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો સ્થિતિ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર રવિવારે વહેલી સવારે ધનસુરાના હીરાપુર કંપાના ખેડૂતે ખેતરમાં પાકને સુરક્ષા માટે લગાવેલા વીજ પગલે માતા-પુત્રની લાશને ખેડૂતે અન્યત્ર ખસેડી દઈ સમગ્ર મામલાને રફેદફે કરવાનો પ્રયત્ન કર્યો હોવાનો મૃતકના પરિવારજનો અને ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો પરિવારજનોએ ખેતરના માલિક સામે પગલાં ન ભરાય ત્યાં સુધી લાશ સ્વીકારવાનો અને ઈન્કાર કરી દીધો હતો પરિવારના આક્રંદના લીધે વાતાવરણ ગમગીન બની ગયું હતું ખેડૂતની એક ગંભીર ભૂલનું પરિણામ જંગલી પ્રાણીઓથી પાકના બચાવ માટે ગેરકાયદેસર રીતે ખેતરની ચારે બાજુ તાર લગાવી વીજકરંટ ઉતારતા નારણપુરા ગામની મહિલા અને પુત્ર વીજકરંટથી મોત નિપજતા નારણપુરા ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને હીરાપુર કંપાના ગ્રામજનો સાથે બોલાચાલી પછી પથ્થરમારો થતા જૂથ અથડામણ થતા ભારે તંગદિલી સર્જાઈ હતી.

જાણ કરતા જિલ્લાનો પોલીસ કાફલો હીરાપુર કંપા અને નારણપુરા ગામે ખડકી દઈ પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા કાબુ મેળવી લીધો હતો પોલીસે મૃતક માતા-પુત્રના પરિવારજનો અને સગા-સંબંધીઓ સાથે ચર્ચાનો દોર શરુ કરી કસુવારો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશેની હૈયાધારણા આપી લાશને પીએમ કરાવવા સમજાવટ હાથ ધરી હતી.